શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત







# બૃહદ્-દ્રવ્યસંગ્રહ અધ્યયન વર્ષ

સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ

## પ્રશ્નપત્ર ક્રમાંક-૭ (કુલ માર્ક્સ-૫૦)

અભ્યાસ ક્રમ – બૃહદ્-દ્રવ્યસંગ્રહ : ગાથા ૩૫ લોકભાવના

---

પરીક્ષાર્થીનું નામ : ............................................................ ઉંમર : .....................

મંડળનું નામ : .............................................. ગામનું નામ : .....................

ફોન નં.: .................................................. તા. ૧-૧૨-૨૦૧૬

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.
(૨) પ્રશ્નોના ઉત્તર બૃહદ્-દ્રવ્યસંગ્રહ આધારિત આપવાના રહેશે.

---

**પ્રશ્ન-૧ : નીચે આપેલ પ્રશ્નોના જવાબ લખો. (બે લાઈન)** **૧૫**

(૧) લોકાકાશના મુખ્ય ત્રણ ભાગ ક્યા ગણવામાં આવે છે ? તે લોક શાનાથી વિંટળાયેલો છે તેનો આકાર કેવો છે ?

(૨) નરક ક્યાં આવેલાં છે ? તે કેટલા છે ? તેમનાં નામ બતાવો. દરેક નરકમાં કેટલા બિલ છે તે જણાવો.

(૩) ત્રસનાડીની લંબાઈ, પહોળાઈ અને ઉંચાઈ બતાવો. ત્રસ નાડીની બહાર ક્યા જીવો નથી ?

(૪) રત્નપ્રભા પૃથ્વીમાં ત્રણ ભાગ ક્યા છે ? તે દરેક ભાગમાં શું શું છે ?

(૫) અઢી દ્વીપમાં સૂર્ય અને ચંદ્ર કેટલા છે ?

(૬) ઉત્તરાયણ અને દક્ષિણાયન નામ કઈ રીતે મળે છે ? તે બંનેમાં કેટલા દિવસો છે ?

(૭) મકર સંક્રાંતિ ક્યારે આવે છે ? તે વખતે રાત્રિ અને દિવસ કેવડા હોય છે ?

(૮) મનુષ્યક્ષેત્રની બહાર જ્યોતિષી વિમાનો છે ? શું તેમનું ગમન થાય છે ?

(૯) જંબૂદ્વીપમાં આવેલી મોટી નદીઓ તથા કુલાચલોના નામ બતાવો.

(૧૦) મધ્યલોકમાં કેટલા દ્વીપ-સમુદ્ર છે ? છેલ્લો દ્વીપ અને છેલ્લો સમુદ્ર કયો છે ?

**પ્રશ્ન-૨ નીચેનામાંથી કોઈપણ છ પ્રશ્નોના જવાબ વિસ્તારથી આપો (પાંચથી છ લાઈન) ૧૮**

(૧) નારકીઓના દુઃખોનું લક્ષણ શું છે ? તે દુઃખોનું સ્વરૂપ વર્ણવો. નરકાયુ ઉપાર્જિત કરવાનું કારણ શું ?

(૨) શાસ્ત્રકારે વિદેહક્ષેત્રની પરિભાષા શું આપી છે ?

(૩) મધ્યલોકમાં કેટલા અકૃત્રિમ જિનાલયો આવેલાં છે ? તે ક્યાં ક્યાં આવેલા છે ? તે વિગતવાર બતાવો.

(૪) જ્યોતિષી દેવો કેટલા પ્રકારના છે ? તેઓ ક્યાં આવેલા છે ? તે વિગતવાર બતાવો.

(૫) વ્યવહારકાળ કઈ રીતે પ્રગટ થાય છે ? નિશ્ચયકાળ કોને સહકારી કારણ પણ થાય છે ?

(૬) સ્વર્ગ કેટલાં છે ? ગ્રૈવેયક—અનુદિશ અને અનુત્તર કેટલાં છે ત્યાં ક્યા દેવો રહે છે ?

(૭) નિશ્ચય લોક ક્યો છે ? કેવડો છે ? તે જ નિશ્ચયલોક પર્યાયમાં કઈ રીતે પરિણમે છે ?

(૮) લોકાનુપ્રેક્ષા કે લોકભાવના નિશ્ચયની કઈ રીતે હોય છે ? લોકનું વર્ણન જાણવું તે ક્યા નયની લોકાનુપ્રેક્ષા છે ?

(૯) જંબૂદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રનાં આઠ ક્ષેત્રોનાં નામ તથા તેમની મધ્યમાં આવેલી નગરીઓનાં નામ જણાવો.

**પ્રશ્ન-૩ નીચે આપેલ પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર આપો.** **૫**

(૧) જ્યોતિષી વિમાનો શાનાથી શોભિત છે ?

(૨) સુર અને અસુર કોને કહેવાય છે ?

(૩) જમ્બૂ અને શાલ્મલી વૃક્ષ કઈ કાયના છે ?

(૪) હ્રદનો અર્થ શું છે ?

(૫) જંબૂદ્વીપમાં કેટલા સૂર્ય અને ચંદ્ર છે ? અને ક્ષેત્ર શબ્દનો અર્થ શું છે ?

**પ્રશ્ન-૪ નીચેનામાંથી કોઈપણ એક વિષય ઉપર નિબંધ લખો (વીસ લાઈન)** **૧૨**

(૧) જંબૂદ્વીપ ક્યાં આવેલો છે ? તેનું વર્ણન તમારા શબ્દોમાં લખો.

(૨) સોળ સ્વર્ગોના દેવોના આયુષ્ય વગેરેનું વિસ્તૃત વર્ણન કરો.

ઉત્તરપત્ર મોડામાં મોડા તા. ૧૫-૧-૨૦૧૭ સુધીમાં સોનગઢ પહોંચાડવા વિનંતી